# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-08-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Sunday** **National News**

## આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

*****************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ખેડૂતોના સશક્તિકરણ માટે સરકાર પ્રતિબદ્ધ..
- ✓ માલદીવમાં વિદેશ મંત્રી ડૉ. જયશંકરે કહ્યું, ભારત અને માલદીવ વચ્ચેનો સહયોગ પરંપરાગત ભૂમિકાથી આગળ વધી રહ્યો છે.
- ✓ કેન્દ્રીય મંત્રી અન્નપૂર્ણા દેવીએ મહિલાઓ અને બાળકોના આરોગ્યને સુનિશ્ચિત કરવા કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સહિયારા પ્રયાસ પર ભાર મૂક્યો..
- ✓ બાંગ્લાદેશની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવવા ગૃહ બાબતોના સલાહકારે પોલીસકર્મીઓને પોતાની ફરજ પર પરત ફરવા જણાવ્યું.
- ✓ પેરિસ ઑલિમ્પિક્સનો આજે સમાપન સમારોહ- ભારત તરફથી મનુ ભાકર અને શ્રીજેશ ધ્વજવાહક બનશે..

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM CROPS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, સરકાર દેશના ખેડૂતોને સશક્ત બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

સોશિયલ મીડિયા એક સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, તેમણે આજે નવી દિલ્હીમાં ભારતીય કૃષિ સંશોધન સંસ્થા ખાતે વધુ ઉપજવાળી, વાતાવરણને અનુકુળ અને જૈવિક પોષકતત્વોના પાકની 109 જાતનું વિમોચન કર્યું. આ તમામ જાત ખેતી અને બાગાયતની 65 પાકની છે. ખેતી પાકમાં બાજરી, તેલીબિયાં, કઠોળ, શેરડી, કપાસ અને અન્ય પાકના બીજનો સમાવેશ થાય છે, જ્યારે બાગાયતી પાકમાં ફળ, શાકભાજી, કંદ, મસાલા, ફૂલ અને ઔષધીય વનસ્પતિઓના બીજનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ ખેડૂતો અને વૈજ્ઞાનિકો સાથે સંવાદ કરતાં  કહ્યું કે, આનાથી ખેતીમાં વૃદ્ધિ થશે. ખેડૂતોએ કહ્યું કે, આ નવી જાતથી તેમનો ખર્ચ ઘટશે અને પર્યાવરણ પર પણ સારી અસર થશે. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે સરકારના પ્રયાસોની પણ ખેડૂતોએ પ્રશંસા કરી હતી.

## (બાઇટ- નીતુ કૂંડુ-ખેડૂત)

શ્રી મોદીએ બાજરીનો ઉલ્લેખ કરતા કહ્યું કે, લોકો પૌષ્ટિક ખોરાક તરફ આકર્ષાઈ રહ્યા છે.

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે સંવાદદાતાઓ સાથે વાતચીત દરમિયાન આજના દિવસને ખેડૂતો માટે ઐતિહાસિક દિવસ ગણાવ્યો છે. તેમણે કહ્યં, આનાથી ખેડૂતોની આવક વધશે અને ખર્ચ ઘટશે.

વધુમાં કેન્દ્રીય કૃષિમંત્રીએ આ મુજબ જણાવ્યું...

**(બાઇટ- શિવરાજસિંહ ચૌહાણ)**

## S. JAISHAKAR MALDIVES

વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકરે કહ્યું, ભારત અને માલદીવ વચ્ચેનો સહયોગ પરંપરાગત ભૂમિકાથી આગળ વધી રહ્યો છે. માલદીવ એ હિન્દ મહાસાગર વિસ્તારમાં એક મુખ્ય ભાગીદાર છે. ડૉ. જયશંકરે માલદીવમાં અદ્દુ સુધારણા અને દરિયાકાંઠાની સલામતીના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરતા કહ્યું, આ વિકાસ સહકારનો ઉદ્દેશ્ય માલદીવના લોકોને લાભ આપવાનો માર્ગ શોધવાનો છે. ભારતે આ બંને પ્રોજેક્ટ્સમાં માલદીવ સરકાર સાથે ભાગીદારી કરી છે, જેથી અદ્દુને પ્રાદેશિક હબ તરીકે વિકસાવવા ટકાઉ માર્ગ શોધી શકાય.

ડૉ. જયશંકરે ઉમેર્યું, આઠ કરોડ અમેરિકી ડૉલરની કિંમતના આ મહત્વાકાંક્ષી કાર્યક્રમમાં પ્રવાસન વિકાસના ઉદ્દેશ્યની સાથે સાથે અદ્દુના સમગ્ર આર્થિક વિકાસનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું, આનાથી રોજગાર, ઉદ્યોગસાહસિકતા અને વેપારની યોગ્ય તકનું સર્જન થશે. ડૉ. જયશંકરે કહ્યું, છેલ્લા કેટલાક વર્ષમાં ભારતે અદ્દુમાં લગભગ 22 કરોડ અમેરિકી ડૉલરનું રોકાણ કર્યું છે.

## PREZ RETURN

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ફિઝી, ન્યૂ ઝિલેન્ડ અને તિમોર લેસ્તે એમ ત્રણ દેશનો પ્રવાસ પૂર્ણ કર્યા બાદ આજે સાંજે નવી દિલ્હી પરત આવ્યાં.. તેમનાં આ પ્રવાસ દરમિયાન મહત્વપૂર્ણ ક્ષેત્રમાં સમજૂતી પર હસ્તાક્ષર કરાયા હતા. ભારત અને ન્યૂ ઝિલેન્ડ બંને દેશ ગુજરાતના જામનગરમાં પરંપરાગત ઔષધીઓ માટે વૈશ્વિક કેન્દ્રના માધ્યમથી પરંપરાગત ઔષધી ક્ષેત્રે ઉત્તમ કાર્ય કરવા પર પણ સંમત થયા.

તિમોર લેસ્તેમાં પ્રસાર ભારતી અને તિમોરના જાહેર પ્રસારક રેડિયો ટેલિવિસૉન તિમોર લેસ્તે વચ્ચે સહયોગ, સત્તાવાર અને રાજદ્વારી પાસપોર્ટ ધારકો માટે વિઝા છૂટ અને સાંસ્કૃતિક કાર્યક્રમ પર સહયોગની સમજૂતી કરવામાં આવી. ફિઝીમાં 100 પથારી ધરાવતી અત્યાધુનિક કાર્ડિયોલૉજી હૉસ્પિટલ માટે પ્રૉજેક્ટ સાઈટ ફાળવતા દસ્તાવેજ કરાયા.

## DCD MEETING

મહિલા અને બાળવિકાસ મંત્રી અન્નપૂર્ણ દેવીએ દેશમાં મહિલાઓ અને બાળકોના આરોગ્યને સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સહયોગી પ્રયાસના મહત્વ પર ભાર આપ્યો છે. ગઈકાલે તેમણે વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી મહિલા અને બાળવિકાસ મંત્રીઓ, ઉપ-રાજ્યપાલો અને પ્રશાસકો તેમ જ રાજ્યોના સામાજિક કલ્યાણ મંત્રીઓની સાથે પોતાની પહેલી રાષ્ટ્રીય સ્તરની બેઠકની અધ્યક્ષતા દરમિયાન આ વાત કહી હતી.

શ્રીમતી અન્નપૂર્ણા દેવીએ વિકસિત ભારતના દ્રષ્ટિકોણને પૂર્ણ કરવા માટે આ પ્રકારના સહયોગની જરૂરિયાત હોવાનું જણાવ્યું છે. તેમણે

મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0, મિશન વાત્સલ્ય અને મિશન શક્તિ અંતર્ગત મંત્રાલયના મહત્વપૂર્ણ કાર્યક્રમનો પણ ઉલ્લેખ કર્યો.

આ બેઠકમાં 28 રાજ્યમંત્રીમાંથી 21 મંત્રી ઉપસ્થિત રહ્યા હતા.

## BANGLADESH: POLICE

બાંગ્લાદેશમાં, 5મી ઓગસ્ટે થયેલા શાસન પરિવર્તન બાદ પણ મોટા ભાગના પોલીસકર્મીઓ પોતાની ફરજમાં ન જોડાતા કાયદા અને વ્યવસ્થાની સ્થિતિ કથળી છે. અવામી લીગ પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓ અને  સમાજના અન્ય સંવેદનશીલ વર્ગના લોકો આ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે.

બાંગ્લાદેશમાં વચગાળાની સરકારના ગૃહ બાબતોના સલાહકાર, એમ. સખાવત હુસૈને આજે પોલીસ કર્મચારીઓને તેમની ફરજ પર પરત ફરવા અને અને જાહેર સલામતીની વ્યવસ્થા જાળવવા જણાવ્યું છે.

દરમિયાન, સિલ્હેટના મૌલવીબજાર જિલ્લામાં આજે હજારો લોકોએ લઘુમતી સમુદાય પરના હુમલાઓના વિરોધમાં રેલી યોજી અને માનવસાંકળ રચી હતી.

## OLYMPICS CLOSING CEREMONY

પેરિસ ઑલિમ્પિક્સનો સમાપન સમારોહ ભારતીય સમય અનુસાર આજે રાત્રે સાડા 12 વાગ્યે યોજાશે. 80 હજાર દર્શક સ્ટેડિયમમાં ઉપસ્થિત રહે તેવી સંભાવના છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોં વર્તમાન ઑલિમ્પિક ધ્વજને 2028માં લૉસ એન્જિલિસમાં યોજાનારી

ઑલિમ્પિક્સ આયોજન સમિતિને સોંપશે. ભારત તરફથી મનુ ભાકર અને શ્રીજેશ ધ્વજવાહક હશે.

આજે છેલ્લા દિવસે નેધરલેન્ડનાં 31 વર્ષીય સિફાન હસને સ્પ્રિન્ટ ફિનિશમાં મહિલાઓની મેરેથોનમાં સુવર્ણ ચંદ્રક જીતીને પોતાનો ત્રીજો ચંદ્રક હાંસલ કર્યો છે. જ્યારે U.S. મહિલા સોકર ટીમે 2012 પછી પોતાનો પ્રથમ સુવર્ણ ચંદ્રક જીત્યો અને U.S.ની પુરૂષોની બાસ્કેટ બૉલ ટીમે સતત પાંચમી સમર ગેમ્સનું શીર્ષક જીત્યું છે.

પેરિસ ઑલિમ્પિક્સમાં ભારતે એક રજત અને પાંચ કાંસ્ય મળી કુલ 6 ચંદ્રક જીતી 71મા સ્થાને રહ્યું. જ્યારે 40 સુવર્ણ, 27 રજત અને 24 કાંસ્ય મળી કુલ 91 ચંદ્રક સાથે ચીન સૌથી વધુ ચંદ્રક જીતી પહેલા નંબરે રહ્યું છે. 38 સુવર્ણ, 44 રજત અને 43 કાંસ્ય મળી કુલ 125 ચંદ્રક સાથે USA બીજા નંબરે તો 20 સુવર્ણ, 12 રજત અને 13 કાંસ્ય મળી 45 ચંદ્રક સાથે જાપાન ત્રીજા નંબરે રહ્યું.

ઉલ્લેખનીય છે કે, ખેલાડી મનુ ભાકરે ઑલિમ્પિકમાં ભારતને પહેલો ચંદ્રક અપાવી ઇતિહાસ રચ્યો હતો. તેઓ એક જ ઑલિમ્પિકમાં 2 ચંદ્રક જીતનારાં પહેલાં ભારતીય મહિલા ખેલાડી પણ બન્યાં છે. સ્વપ્નિલ કુસાલેએ શૂટિંગમાં ભારતને ત્રીજો ચંદ્રક અપાવ્યો હતો. ઉપરાંત હૉકીમાં ભારતીય પુરૂષ ટીમે કાંસ્ય ચંદ્રક, નીરજ ચોપરાએ ભાલાફેંકમાં રજત, કુસ્તીબાજ અમન સેહરાવતે કાંસ્ય ચંદ્રક અપાવ્યો છે.

## SUDAN DEATH

સુદાનમાં ભારે વરસાદના કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા વધીને 53 થઈ છે. દેશના આરોગ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, વરસાદ સંબંધિત વિવિધ ઘટનામાં અત્યાર સુધીમાં 208 લોકો ઇજાગ્રસ્ત થયા છે..

જ્યારે વરસાદના કારણે 9 હજાર 500થી વધુ પરિવાર અસરગ્રસ્ત બન્યા છે. સતત ભારે વરસાદના કારણે નવ રાજ્યમાં 2 હજારથી વધુ મકાન ધરાશાયી થયા છે અને ચાર હજારથી વધુ મકાનને થોડું નુકસાન પહોંચ્યું છે.

## WEATHER

ભારતીય હવામાન વિભાગે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પૂર્વ રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, અરૂણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય અને બિહારમાં આગામી સાત દિવસ ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે પશ્ચિમ અને મધ્ય ભારતમાં સામાન્ય વરસાદની સંભાવના છે.

હવામાન વિભાગના અનુસાર, કેરળ, તમિલનાડુ અને કર્ણાટકના ઉત્તર વિસ્તારમાં આગામી પાંચ દિવસ સુધી ભારે વરસાદની પણ આગાહી છે. જ્યારે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં સામાન્ય વરસાદ નોંધાતા દિલ્હીવાસીઓએ રાહત અનુભવી હતી.

તો આ તરફ હિમાચલ પ્રદેશમાં વિવિધ વિસ્તારમાં ભારે વરસાદ થતાં અનેક જગ્યાએ પૂર અને ભૂસ્ખલનની સ્થિતિ સર્જાઈ હતી. આના કારણે જનજીવનને અસર થઈ હતી. ભારે વરસાદને પગલે રાષ્ટ્રીય ધોરીમાર્ગ બંધ થઈ ગયો હતો. ઉપરાંત શિરમોર જિલ્લામાં ભારે

વરસાદના કારણે ગિરી, યમુના અને મકરંદ નદીના પ્રવાહમાં વધારો થતાં વહીવટી તંત્રએ લોકોને નદી કિનારે ન જવા અપીલ કરી છે.

## JK MATA VAISHNO DEVI

જમ્મુ-કાશ્મીરમાં ઉપ-રાજ્યપાલ મનોજ સિન્હાએ આજે શ્રી માતા વૈષ્ણો દેવીના દર્શન કર્યા હતા. દરમિયાન તેમણે કેન્દ્રશાસિત પ્રદેશની શાંતિ, સમૃદ્ધિ અને પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી. જમ્મુના અમારા સંવાદદાતાએ જણાવ્યું કે, આ પવિત્ર તીર્થસ્થળના દર્શન દરમિયાન ઉપ-રાજ્યપાલે શ્રદ્ધાળુઓ માટે ભવનમાં નવી યજ્ઞશાળા સુવિધાનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

આ નવનિર્મિત યજ્ઞશાળા મુખ્યભવનના અટકા વિસ્તારની નીચે જૂના સ્નાનઘાટ નજીક આવેલી છે. પાંચ હવન કુંડ એક હજાર 600 વર્ગફિટમાં ફેલાયેલા છે.